Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

પોલીસની પાંચ લેયર સુરક્ષા વિંધીને કાર્યકરો વિધાનસભા ઘેરાવમાં સફળ

# ગાંધીનગરમાં કોંગ્રેસની જનઆક્રોશ રેલીએ જંગ છેડ્યો

**રેલીમાં વધતી સંખ્યા જોઈને તાત્કાલિક પોલીસ ફોર્સ વધારી દેવાઈ : પોલીસની એક ભુલે કોંગ્રેસનો વિધાનસભા ઘેરાવો કાર્યક્રમ સફળ બનાવી દીધો : કોંગ્રેસે પણ યુક્તીપૂર્વક રેલી સફળ બનાવી**

ગાંધીનગર, તા. ૨૩

કોંગ્રેસ દ્વારા ગાંધીનગર ખાતે યોજાયેલી જન આક્રોશ રેલીમાં જેમ જેમ બપોર થતી ગઈ તેમ તેમ આગેવાનો-કાર્યકરોની સંખ્યા આશ્ચર્યજનક રીતે વધી રહી હતી. વધી રહેલી આ સંખ્યાને જોઈને ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી વિસ્તારમાં પોલીસ ફોર્સ વધારી દેવામાં આવ્યો હતો. મંજુરી ન હોવા છતાં રેલી નીકાળીને ખુબ જ યુક્તીપૂર્વક કોંગી આગેવાનો-કાર્યકરોએ વિધાનસભા ઘેરાવો કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. તો બીજી તરફ રેલી સ્થળે હજારોની સંખ્યામાં આવેલા કાર્યકરોને કંટ્રોલ કરવામાં પોલીસ સફળ રહી પરંતુ ત્યાર બાદ ડીટેઈન કામગીરી દરમ્યાન એક ભુલને કારણે કોંગ્રેસનો કાર્યક્રમ સફળ થઈ ગયો હતો.

● અનુસંધાન પાન-૫ પર





જનઆક્રોશ રેલી - પ્રદેશ કોંગ્રેસ દ્વારા ભ્રષ્ટાચાર અને અત્યાચાર સામે વિધાનસભા ઘેરાવના એલાન સાથે યોજાયેલ જનઆક્રોશ રેલીમાં કાર્યકરોનો આક્રોશ વર્તાતો હતો.... લોખંડી બંદોબસ્તને ભેદીને પણ કેટલાય કાર્યકરો વિધાનસભા પ્રાંગણમાં પહોંચી ગયા હતા... કોંગ્રેસના ધ્વજ સાથે વિધાનસભાના પ્રવેશદ્વાર પર પહોંચેલો યુવાનને નિહાળવા કોંગ્રેસના ટોળેટોળા સૂત્રોચ્ચાર સાથે પોલીસની બેરીંગોને ઓળંગીને દરવાજા સુધી ધસી ગયા હતા... બીજી તસવીરમાં મહિલા કાર્યકર વિધાનસભાના મુખ્ય પ્રવેશદ્વાર ઓળંગીને પ્રવેશવાનો પ્રયાસ મહિલા પોલીસ અટકાવી રહી છે... તે દશ્ય પણ આક્રોશની પરાકાષ્ટા બતાવે છે... રાજ્યભરમાંથી ઉમટેલા કોંગ્રેસી કાર્યકરો પ્રજાની વેદનાને વાચા આપતા ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા... ક્યાંક ક્યાંક પોલીસ સાથે ઘર્ષણ સર્જાયું હતું... તો ક્યાંક - ક્યાંક સંતાકુકડી રમતા-રમતા કાર્યકરો વિધાનસભા સંકુલ સુધી સિફતપૂર્વક પહોંચ્યા હતા... રેલીના આયોજકોની રણનીતિ પણ પ્રસંશનીય રહી હતી... પોલીસ સાથે સીધા સંઘર્ષ વિના લક્ષ્ય સુધી પહોંચવાનો પ્રયાસ સૌની ચર્ચાને સ્થાને રહ્યો હતો....

## સાતેય ગેટ બંધ કરી દેવાયા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત રેલીને આગળ વધતી અટકાવવા માટે ચુસ્ત પોલીસ બન્દોબસ્ત ખડકી દેવાયો હતો. જયારે કોંગી કાર્યકરો વિધાનસભાના ઘેરાવમાં સફળ ન થાય તે માટે પાંચ લેયરમાં સુરક્ષા વ્યવસ્થા જોવા મળી હતી. પરંતુ ડિટેઈન થયેલા કાર્યકરો પોલીસને ચકમો આપી સિફતાઈ પુર્વક નિકળી જતા વિધાનસભા સંકુલમાં ઘુસવાનો કાર્યકરોનો ઈરાદો સફળ થયો હતો. વિધાનસભા સ્થળે પણ પોલીસ કાફલો જોવા મળ્યો હતો. જયારે આજે નવા સચિવાલય સંકુલમાં પ્રવેશવાના સાતેય ગેટ સંપુર્ણ રીતે બંધ કરી દેવાયા હતા. વિધાનસભા અને સચિવાલય સંકુલમાં અવરજવર કરવાનુ પણ બંધ કરી દેવાયુ હતુ.

## પ્રદેશ પ્રમુખ અને ૧૪ ધારાસભ્યો સહિત ૨૯૨ કાર્યકરોની અટકાયત

**રેલીને ઉગ્ર સ્વરૂપ ધારણ કરતુ જોઈ પોલીસે બળપ્રયોગ કરી ટોળા વિખેરવા વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો**





ગાંધીનગર, તા. ૨૩

જન આક્રોશ રેલીએ વિધાનસભા તરફ કૂચ શરૂ કરી ત્યાર બાદ ધીરે ધીરે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી હતી. પરિસ્થિતિથી વાકેફ થઈ ગયેલી પોલીસે જરૂરી બળપ્રયોગ કરીને ડીટેઈન કરવાની કામગીરી તેજ બનાવી દીધી અને બે લેયર તોડીને આગળ જતા રહેલા કાર્યકરોને રોકવા અને ટોળા વિખેરવા પથિકાશ્રમ સર્કલ નજીક વૉટર કેનનનો ઉપયોગ પણ પોલીસે કરવો પડ્યો હતો.

પોલીસે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી ઉપરાંત દિગ્ગજ નેતાઓ શંકરસિંહજી વાઘેલા, સિદ્ધાર્થ પટેલ, શક્તિસિંહ ગોહીલ, ૧૪ ધારાસભ્યો સહિત ૨૯૨ કોંગી આગેવાનો-કાર્યકરોને ડીટેઈન કરી પોલીસ ગાંધીનગર પોલીસ હેડ ક્વાર્ટર લઈ ગઈ હતી અને ત્યાર બાદ તમામને મુક્ત કરવામાં આવ્યા હતા.

## પોલીસની પાંચ લેયર સુરક્ષા વિંધીને કાર્યકરો વિધાનસભા ઘેરાવમાં સફળ

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં આજે યોજાયેલી કોંગ્રેસની જનઆક્રોશ મહારેલીમાં વિવિધ જિલ્લાઓમાંથી કોંગી કાર્યકરો ઉમટી પડતા પોલીસ માટે પણ શિરદર્દ ઉભો થયો હતો.ભય ભુખ અને ભ્રષ્ટાચારના સ્લોગન સાથે યોજાયેલી આ રેલીમાં કાયદાનો ભંગ ન થાય તે માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ચાંપતો બન્દોસ્ત ગોઠવી દેવાયો હતો. પાલીસે પાંચ લેયરમાં સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દિધી હતી. પરંતુ જાહેરસભા અને રેલીમાં કોંગી કાર્યકરોની સંખ્યા ધીમે ધીમે વધતા પોલીસતંત્રએ પણ પરિસ્થિતિનો તાગ મેળવી લીધો હતો. જો કે રેલીને આગળ વધવાની મંજુરી ન હોવાથી સંઘર્ષ થાય તેવી પુરી શકયતા હતી. ત્યારે પોલીસ તંત્ર દ્વારા શહેરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૨ થી ઘ-૩ વચ્ચે ,સે-૬ :૭ પાસે પથિકાશ્રમ પાસે આ ઉપરાંત વિધાનસભાના ગેટ અને સંકુલમાં ચુસ્ત પોલીસ બન્દોબસ્ત ગોઠવી દેવાયો હતો. પરંતુ કોંગી કાર્યકરો જાણે પોલીસને ચકમો આપીને વિધાનસભા સંકુલ સુધી પહોંચી ગયા હતા. પોલીસે શહેરના મુખ્ય માર્ગ પર સભાના સ્થળ નજીક તેમજ આગળના રૂટમાં કાર્યકરોને અટકાવવામાં સફળતા મળી હતી. ઘ માર્ગ પર હજારોની સંખ્માં ઉમટી પડેલા કાર્યકરોને આગળ વધતા અટકાવવા પુરતો પોલીસ ફોર્સ કામે લગાડી કોંગી કાર્યકરોને ડિટેઈન કરી દેવામાં આવ્યા હતા. આમછતા કોંગી કાર્યકરો વિઘાનસભાનો ઘેરાવો કરવામાં સફળ રહયા હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. પોલીસની પાંચ લેયર સુરક્ષા યેનકેન પ્રકારે વિંધીને વિધાનસભા સંકુલમાં કાર્યકરોએ પ્રવેશ મેળવી લીધો હતો.





# સરકારમાંથી જુઠ્ઠા લોકોને હાંકી કાંઢવાનો સમય આવી ગયો છે : શંકરસિંહ વાઘેલા

**લક્ષ્ય-૨૦૧૬ નવસર્જન ગુજરાત એ લડાઈનું પ્રથમ પગથીયું છે : ભરતસિંહ સોલંકી**

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા સાડા છ કરોડ ગુજરાતીઓના પ્રશ્નોને વાંચા આપવા જન આક્રોશ રેલીનું આયોજન સત્યાગ્રહ છાવણી સેક્ટર-૬ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ભ્રષ્ટાચાર, અત્યાચાર, બેરોજગારી સહિતના પ્રશ્નોએ રાજ્ય સરકારને આડે હાથ લીધી હતી. આ રેલીમાં સભ્યો સહિત કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો, ધારાસભ્યો, સમગ્ર ગુજરાતમાંથી હજ્જારોની સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને વિધાનસભા ઘેરાવના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આયોજીત જનઆક્રોશ રેલીમાં ઉપસ્થિત કાર્યકરોને સંબોધતા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે રાજ્યમાં ભ્રષ્ટાચાર અને મોંઘવારીએ માજા મુકી છે. જેમાં રાજ્યની સામાન્ય પ્રજા પીસાઈ રહી છે. કવર ઉપર વજન મુક્યા વગર કંઈ પણ કામ નાગરીકોનું થતુ નથી. જ્યારે રાજ્ય સરકારે સંગ્રહખોરોને છુટોદોર આપતા કઠોળના ભાવ ઉંચકાતા ગરીબ વર્ગ હેરાન-પરેશાન થઈ ગયો છે. પાટીદાર અને ઉના ઘટના અંગે વિધાનસભા સત્રમાં એક કલાકને ચર્ચા માટે સમય માંગ્યો હતો. પરંતુ ના આપતા તેઓએ પ્રજાના પ્રશ્ને ચર્ચા માટે ગૃહ વાત કરતુ ના હોય તેમજ માનતુ ના હોય તો તેને તાળુ મારવુ જોઈએ. જુઠા અને લબાડ લોકોને કાઢવાનો સમય આવી ગયો છે. આજે ગમે તેટલો અત્યાચાર કરવામાં આવે પણ સહન કરીને છાતી પર પગ મુકીને વિધાનસભા જઈશુ તેમ જણાવી વક્તવ્ય પુરૂ કર્યુ હતુ. જ્યારે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી તો રબર સ્ટેમ્પ છે. જયારે પ્રધાનમંત્રીને પણ મન કી બાત કરવાને બદલે દેશના યુવાનોને રોજીરોટી આપો તેમ કહી આડે હાથ લીધા હતા. જ્યારે સ્ટાર્ટઅપ ઈન્ડીયા સહિતની અન્ય યોજનાઓની વાત વર્ષોઅગાઉ સ્વ. રાજીવ ગાંધીએ કરી હતી. તેઓની આ યોજનાનું પ્રચાર પ્રસાર અને માર્કેટીંગ કરી પોતાને નામે પ્રધાનમંત્રી કરી રહ્યા છે. તેવો કટાક્ષ કર્યો હતો. રાજ્યની પ્રજા અંધશ્રદ્ધામાંથી જાગી ગઈ છે. ગેરવહીવટ અને જુલ્મી સરકારને વહેલી તકે ઘર ભેગી કરીએ. લક્ષ્ય-૨૦૧૭ નવસર્જન ગુજરાત એ લડાઈનું પ્રથમ પગથીયું છે. સમગ્ર રાજ્યમાં શાંતિપૂર્ણ રીતે નવસર્જન ગુજરાત મિશન શરૂ થશે. તેમ કહી પોતાનું વક્તવ્ય પુરૂ કર્યુ હતુ. જ્યારે રેલીમાં હાજર કાર્યકર્તાઓને

● અનુસંધાન પાન-૫ પર

## એસ.ટી. બસ સેવા કલાક માટે ખોરવાઈ

ગાંધીનગર તા ૨૩

શહેરમાં આજે કોંગ્રેસની રેલીના લીધે જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. શહેરના મુખ્ય માર્ગો પર સવારે ૧૦થી ૨ સુધી ચક્કાજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. શહેરના મુખ્યમાર્ગ પર પોલીસ કાફલો ઉતારી દેવાયો હતો. પોલીસ અધિકારીઓ ઉપરાંત મહીલા પોલીસ કર્મચારીઓ પણ કોંગી કાર્યકરોને આગળ વધતા અટકાવવા માટે સજ્જ જોવા મળ્યા હતા. મુખ્ય માર્ગ પર પોલીસનો ઘેરાવા સાથે આડશમાં બેરિકેટસ ગોઠવી દેવાયા હતા. બીજીતરફ કોંગ્રેસની રેલીના લીધે એસ ટી બસોના રૂટ પણ ખોરવાઈ ગયા હતા. ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી એસ ટી બસો બપોરે ૧૨:૩૦થી ૧:૩૦ના સમયગાળામાં ખોરવાઈ ગઈ હતી. જયારે થોડા સમય માટે એસ ટી નો વ્યવ્હાર ચ માર્ગ પર ડાયવર્ટ કરી દેવાયો હતો. એસ ટી બસ સેવાની સાથે સ્થાનિક રાહદારીઓ પણ ગોથે ચઢ્યા હતા. ખાનગી વાહનચાલકોએ પણ મુકામ સુધી પહોંચવા માટે આંતરિક રસ્તાનો ઉપયોગ કરવો પડયો હતો. શહેરના મુખ્ય ઘ માર્ગ તેમજ ત્યારબાદ ચ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. ઘ-૨ થી ઘ- ૩ વચ્ચે ટ્રાફિકની અવરજવર બંધ કરી દેવાઈ હતી. જેના પરિણામે સ્થાનિક નાગરિકો શહેરના ગ,ખ તેમજ સેકટરોના આંતરિક માર્ગ પરથી પસાર થતા નજરે પડતા હતા.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com